૫૩૧૫ ૮૩

અનુસુચિત જાતિ,જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો–૧૯૯૫– ના નિયમ–૧૬ અન્વયેના માન. મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજય સ્તરની તકેદારી અને <u>મોનીટરીંગ સમિતિની રચના બાબત.</u>

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(સમાજ કલ્યાણ પ્રભાગ )
ઠરાવ ક્રમાંક: હસલ–૧૦૨૦૦૩–૫૬૧–હ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૭।૦૬।૨૦૦૩

<u>વંચાણે લીધા:–</u>

(૧) ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના તા. ૩૧–૩–૯૫ ના જાહેરનામા ક્રમાંક: જી.એસ.આર.૩૧૬ (ઈ)
(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૮–૯–૧૯૯૭ નો સરકારી ઠરાવ ક્રમાંક: હસલ–૧૦૯૪–૩૧૩૧–હ.
(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ.ક.પ્ર) નો તા. ૯–૯–૯૮ નો સરકારી ઠરાવ ક્રમાંક: હસલ–૧૦૯૪–૩૧૩૧–હ,

ઠરાવ:–

અનુ.જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ–૧૯૮૯ની કલમ–૨૩ ની પેટા કલમ–(૧) થી મળેલ સત્તાની રુએ કેન્દ્ર સરકાર દવારા અનુ.જાતિ/ જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો–૧૯૯૫–,આમુખમાં ક્રમાંક: (૧)માં દર્શાવેલ જાહેરનામા દવારા અમલમાં મૂકેલા છે. અને રાજય સરકાર દવારા આ નિયમોના અમલ કરવામાં આવે છે. અનુ.જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ ) નિયમો–૧૯૯૫ના નિયમ–૧૬ મુજબ,રાજય સરકાર દવારા માન. મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવાની રહે છે તે અન્વયે આવી રાજય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે આમુખમાં ક્રમાંક: (૩) આગળ દર્શાવેલ આ વિભાગના તા. ૯–૯–૯૮ ના સરકારી ઠરાવ ક્રમાંક: હસલ–૧૦૯૪–૩૧૩૧/હ થી કરવામાં આવેલ ઉચ્ચકક્ષાની સમિતિના હૂકમો રદ કરીને,સરકારશ્રીએ માન.મુખ્ય

મંત્રીશ્રીના અધ્યક્ષપદે નીચે જણાવ્યા પ્રમાણેના સભ્યોની નિમણૂંક કરી રાજય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવાનું આથી ઠરાવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | માન.મુખ્યમંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | માન.મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| (૩) | માન.મંત્રીશ્રી (નાણાં) | સભ્યશ્રી, |
| (૪) | માન.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) | સભ્યશ્રી |
| (૫) | માન.મંત્રીશ્રી (સહકાર) | સભ્યશ્રી |
| (૬) | માન.મંત્રીશ્રી (આદિજાતિ કલ્યાણ) | સભ્યશ્રી |
| (૭) | માન.વિરોધપક્ષના નેતાશ્રી | સભ્યશ્રી |
| (૮) | માન.રા.ક. મંત્રીશ્રી (ગૃહ) | સભ્યશ્રી |
| (૯) | મુખ્ય સચિવશ્રી | સભ્યશ્રી |
| (૧૦) | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી,સચિવશ્રી ગૃહ | સભ્યશ્રી |
| (૧૧) | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી,સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય સચિવશ્રી |
| (૧૨) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી /સચિવશ્રી (આદિજાતિ કલ્યાણ) | સભ્યશ્રી |
| (૧૩) | પોલીસ મહાનિર્દેશકશ્રી,ગુજરાત રાજય ગાંધીનગર | સભ્યશ્રી |
| (૧૪) | અનુસુચિત જાતિ અને જનજાતિના રાષ્ટ્રીય આયોગના નિયામકશ્રી,અમદાવાદ | સભ્યશ્રી |
| (૧૫) | માન.શ્રી રતિલાલ કાળીદાસ વર્મા,ધંધુકા, સંસદસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૧૬) | માન.શ્રી બાબુભાઈ ખીમાભાઈ કટારા, દાહોદ,સંસદસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૧૭) | માન.શ્રી રામસિંહ રાઠવા,છોટાઉદેપુર,સંસદસભ્યશ્રી. | સભ્યશ્રી |
| (૧૮) | માન.શ્રી ગોપાલભાઈ ગાભાભાઈ ધુંઆ,,મુન્દ્રા,ધારાસભ્યશ્રી. | સભ્યશ્રી |
| (૧૯) | માન.શ્રી માધાભાઈ લાખાભાઈ બોરીચા, કેશોદ,ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૦) | માન.શ્રી કાંતિભાઈ રામાભાઈ લકુમ,બાવળા,ધારાસભ્યશ્રી. | સભ્યશ્રી |
| (૨૧) | માન.શ્રી ઈશ્વરભાઈ ધનાભાઈ મકવાણા,જોટાણા,ધારાસભ્યશ્રી. | સભ્યશ્રી |
| (૨૨) | માન.શ્રી અંબાલાલ આશારામ રોહિત,સોજીત્રા,ધારાસભ્યશ્રી. | સભ્યશ્રી |
| (૨૩) | માન.શ્રી જસવંતભાઈ સુમનભાઈ ભાભોર,રણધીકપુર, ધારાસભ્યશ્રી. | સભ્યશ્રી |
| (૨૪) | માન.શ્રી કાંતિભાઈ ત્રિકમભાઈ ભીલ,નસવાડી, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૫) | માન.શ્રી હર્ષદભાઈ ચુનીલાલ વસાવા,રાજપીપળા, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |

૩. ઉપર્યુકત સમિતિ અધિનિયમની જોગવાઈઓના અમલીકરણ,ભોગ બનેલી વ્યકિતઓને પુરી પડાતી રાહત અને પુનઃવસવાટ સવલતો અને તેની સાથે સંકળાયેલી બીજી બાબતો,અધિનિયમ હેઠળના ફોજદારી કેસો, અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જવાબદાર જુદા જુદા અધિકારીરીઓ/ એજન્સીઓએ ભજવેલી ભૂમિકા અને રાજય સરકારને મળેલા જુદા જુદા રિપોર્ટસનું પુનઃવિલોકન કરશે તથા આ સમિતિ એક અંગ્રેજી વર્ષમાં જાન્યુઆરી અને જુલાઈ મહિનામાં ઓછામાં ઓછા બે વાર મળશે.

૪. આ સમિતિનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે રહેશે. આ સમિતિના બિન સરકારી સભ્યોને પ્રવાસભથ્થુ, નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંકઃ એમએસબી– ૧૦૮૨ / ૨૯૮ / જ તા. ૧૮–૨–૮૨ ની જોગવાઈ અનુસાર મુંબઈ મુલ્કી સેવા નિયમોના ભાગ–૨ ના પરિશિષ્ટ–૪૨–એ ના વિભાગ–૨ મુજબ મળવાપાત્ર રહેશે.

૫. આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રના સદર "માંગણી " ક્રમાંક ૯૩, મુખ્ય સદર–૨૨૨૫–અનુ.જાતિઓ, અનુ.જનજાતિ અને અન્ય પછાતવર્ગ કલ્યાણ, બી.સી.કે.(૫૭) નાગરિક એકમ" 'ખાતે ઉધારવાનું રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૮–૫–૨૦૦૩ ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.એલ.તબિયાર )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર.

18 JUN 2003

પ્રતિ,
માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રીસચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ,/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર.
સમિતિના તમામ સભ્યો.
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજ્ય,રાજકોટ / અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ.
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા પોલીસ વડાઓ.
સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે તકેદારી અધિકારીશ્રઓ
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
નાણાં શાખા,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી માહિતી ખાતુ,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ગાંધીનગર તરફ (અખબારી યાદી પ્રસિધ્ધ સારુ)
સર્વે શાખાઓ.,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઈલ.
એચકેસી/૫૪૫૫/૫૬/૫૭